Shree Sarvodaya Shikshan Mandal Sanchalit
(B.Ed. College Affiliated with VNSGU, Surat.)

Add: Opp. G-3 Store, Ghod Dod Road, Surat-7

EMPLOYMENT NOTICE

Name of Post	Subject & Faculty
Assistant Professor- 2	Perspective (Psychology/Philosophy)
Assistant Professor- 1	Pedagogy (Social Science/Economics)
Assistant Professor- 1	Physical Edu. / Arts Drama/Performing Arts

Qualification / Pay / conditions as per norms of UGC/NCTE/VNSGU. Intersted candidates send their resume at above address along with 02 photographs, attested testimonials within 10 days.

Place: Surat
Date: 20/05/2026 By Managment

Note: Candidates who do not possess NET/SLET/Ph.D. they may be consider as Teaching Assistant.

:: જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ કતારગામ સબ ડીસ્ટ્રીકટ **મોજે ગામ : કતારગામ**ના રે.સર્વે નં. ૨૫, ૨૮/૨ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૩૫, ફા.પ્લોટ નં. ૭ વાળી જમીન પર આયોજીત **માધવદર્શન કો.ઓ.હા.સો.લી.** માં આવેલ પ્લોટ નં. ૧ થી ૧૪ વાળી જમીન પર આયોજીત **લક્ષ્મીદર્શન** નામની બિલ્ડીંગના **ફ્લેટ નં. ૩૦૫** વાળી મીલકત પ્રાથમિક સભાસદ તરીકે **(૧) વર્ષાબેન મહેશભાઇ ધનાણી (૨) પ્રકાશભાઇ જીવરાજભાઇ ગોયાણી**નાઓને ફાળવી આપેલ અને સદરહું સોસાયટી તરફથી શેર સર્ટીફિકેટ સને ૨૦૧૧ માં ઇસ્યુ કરવામાં આવેલ. સદર અસલ શેર સર્ટીફીકેટ ગેરવલ્લે (ગુમ) થઇ ગયેલ છે. સદરહું સોસાયટીએ (૧) વર્ષાબેન મહેશભાઇ ધનાણી (૨) પ્રકાશભાઇ જીવરાજભાઇ ગોયાણી ને રજી.વેચાણ દસ્તાવેજ નં. ૧૦૦૩૩, તા.૦૩/૦૬/૨૦૧૧ ના રોજ કરી આપેલ છે. ત્યારબાદ, (૧) વર્ષાબેન મહેશભાઇ ધનાણી (૨) પ્રકાશભાઇ જીવરાજભાઇ ગોયાણી નાઓ પાસેથી સદરહું મિલકત **હિતેષભાઇ વિનોદભાઇ સવાણી**ના એ રજી.વેચાણ દસ્તાવેજ નં. ૧૫૫૦૫, તા. ૧૩/૦૭/૨૦૧૬ થી વેચાણ રાખેલ અને હિતેષભાઇ વિનોદભાઇ સવાણી પાસેથી સદરહું મિલકત મધુબેન સંજયભાઇ વિરડીયા એ રજી.વેચાણ દસ્તાવેજ નં. ૫૪૨૮, તા. ૨૯/૦૨/૨૦૨૦ થી વેચાણ રાખેલ છે. આમ, **મધુબેન સંજયભાઇ વિરડીયા** સદરહું મિલકતના માલિક બનેલા. મજકુર અસલ શેર સર્ટીફીકેટ કોઇપણ નાણાંકીય ધિરાણ આપનાર ખાનગી કે સરકારી સંસ્થામાં જમા હોય તો તે અગેની જાણ હમોના વકીલશ્રીને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવા સહીત સુપ્રત કરવા. મુદત વિત્યેથી સદરહું અસલ શેર સર્ટીફીકેટ ગુમ થયેલ છે અને કોઇ વ્યકિત કે સંસ્થામાંથી મોર્ગેજ નથી કે તેના ઉપર અન્ય લોન નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે અને તે બાબતે મુદત બાદ કોઇની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહીં, તેની લાગતા વળગતા તમામે નોંધ લેવી. (તા. ૨૧/૦૫/૨૦૨૬)

હમારી મારફત
અરવિંદ એલ. પટેલ એડવોકેટ એન્ડ નોટરી
વિવેક એ. પટેલ તે એડવોકેટ્સ
ઓફિસ : ૧૨ થી ૧૮, પહેલો માળ, જયજલારામ શોપિંગ સેન્ટર, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત. ફોન : ૨૭૭૮૬૫૯, મો. ૯૯૭૮૧ ૮૮૨૫૩

એસોસીએટ કો-ઓપ. બેંક લિ.
હેડ ઓફિસ-પહેલો માળ, સુરત વણકર સંઘ બિલ્ડીંગ, રેશમવાળા માર્કેટ ની સામે, રીંગ રોડ, સુરત - ૩, ફોન.નં. (૦૨૬૧) ૨૩૪૧૫૩૬
Email: support@associatebank.in

પરિશિષ્ટ – ૪ રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાવર મિલકત)

નીચે સહી કરનાર **એસોસીએટ કો.ઓ.બેંક લિ.** ના અધિકૃત અધિકારી એ સિક્યુરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારા ની કલમ ૧૩(૨) સાથે વાંચતા રૂલ ૩ હેઠળ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ની સતા હેઠળ **તા. ૨૦/૦૨/૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર **૧. મેસર્સ અંબિકા એન્જીનીયર પ્રો શ્રી જીતેન્દ્ર જગુભાઈ પટેલ (કરજદાર) સરનામું : ૯૮–૯૯ વૃંદાવન રો હાઉસ, વાંઝ રોડ, સચીન, સુરત – ૩૯૪૨૩૦** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૩૫,૮૭,૦૯૭.૫૨/– (અંકે રૂ. પાત્રીસ લાખ સત્યાસી હજાર સતાણું અને બાવન પૈસા પુરા) વત્તા તા. ૧૯/૦૨/૨૦૨૬ ના** રોજ થી તેના ઉપર ના અન્ય ચાર્જીસ અને વ્યાજ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસ ની અંદર પરત ચૂકવી દેવાનું જણાવ્યુ હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસૂરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહી નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારી એ આ ધારા ની કલમ ૧૩ એક્ટની પેટા કલમ (૪) કે જે સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર તારીખ ૧૫મી મે સને ૨૦૨૬ ના રોજ આ સંપત્તિ નો **સાંકેતિક કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકાર નો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **એસોસીએટ કો. ઓ. બેંક. લિ. મુખ્ય શાખા**, ની રકમ **રૂ. ૩૫,૮૭,૦૯૭.૫૨/– (અંકે રૂ. પાત્રીસ લાખ સત્યાસી હજાર સતાણું અને બાવન પૈસા પુરા)** વત્તા તા. ૧૯/૦૨/૨૦૨૬ ના રોજ થી તેના ઉપર ના અન્ય ચાર્જીસ અને વ્યાજ ને આધીન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ એક્ટની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પૂરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકત નું વર્ણન

સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ–ડિસ્ટ્રીકટ મોજે સચીન ના રેવન્યુ સ. નં ૫૮ અને ૫૯ યાને બ્લોક નં. ૭૦ થી નોંધાયેલી બીનખેતી જમીન માં પાડવામાં આવેલા પ્લોટ નં. ૧૦૦, નોંધાયેલી મીલકત જેનુ ક્ષેત્રફળ ૭૦.૬૩ ચો.મી છે. તેની ઉપરના ભોંયતળીયાના ૫૮.૦૦ ચો.મી બાંધકામ તથા તેને લાગતા વળગતા અંદર તથા બહારના તમામ હકકો તથા સદર આખા બ્લોક નંબર મા આવેલ આંતરીક રસ્તા ઓ તથા કોમન પ્લોટમાં ના વણવહેચાયેલ ફાળે પડતા ૫૦.૫૫ ચો.મી બાંધકામ સહીતની મિલકત.

સ્થળ : સુરત | તા. ૧૫/૦૫/૨૦૨૬ અધિકૃત ઓફીસર એસોસીએટ કો.ઓ.બેંક લિ.

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India
રીજનલ ઓફિસ : ૧લો માળ, નરીમાબાદ, અઠુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧.

પઝેશન નોટીસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, **(સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, નવસારી શાખા** ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨) અને ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૧૯.૦૧.૨૦૨૬**ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર **શ્રી મોન્ટુભાઈ રમણભાઈ પટેલ (કરજદાર)** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂ. ૧૬,૯૬,૨૩૫/- (રૂ. સોળ લાખ છન્નું હજાર બસો પાંત્રીસ પુરા)** ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને બેંકની સમગ્ર રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા / જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા કલમ ૧૩ની પેટા કલમ (૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૧૭.૦૫.૨૦૨૬**ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, નવસારી શાખા**ના બાકી લેણા **રૂ. ૧૬,૯૬,૨૩૫/- (રૂ. સોળ લાખ છન્નું હજાર બસો પાંત્રીસ પુરા)** તા. ૧૯.૦૧.૨૦૨૬ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતની વિગત

શ્રી મોન્ટુભાઈ રમેશભાઈ પટેલની માલિકની મિલકત જે ફ્લેટ નં. ૨, ક્ષેત્રફળ ૧૨૨૦ સ્કે. ફીટ યાને કે ૧૧૩.૩૮ સ્કે. મીટર સૂપર બિલ્ટ અપ એરીયા ૭૯.૩૬ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગની જમીનનો ક્ષેત્રફળ ૧૨.૬૦ સ્કે. મીટર, કરચેલીયા ગામ, પંચાયત હાઉસ નં. ૧૫૫૮, ત્રીજો માળ, "ખુશબુ કોમ્પ્લેક્ષ"ના નામથી જાણીતી બાંધકામ વાળી બિલ્ડીંગ, ગામ-કરચેલીયા બ્લોક નં. ૬૭૭/૬૬, બિન ખેતીલાયક જમીનનો ક્ષેત્રફળ ૫૨૦.૮૦ સ્કે. મીટર, જે કરચેલીયા, તાલુકા–મહુવા, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● પુર્વે : પાર્કિંગ ● પશ્ચિમે : માર્જીનની જમીન અને રોડ
● ઉત્તરે: ફ્લેટ નં. ૩ ● દક્ષિણે : ફ્લેટ નં. ૧

સહી/-
તારીખ : ૧૭.૦૫.૨૦૨૬ અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

સુરત મહાનગરપાલિકા
જાહેરનામું
FIT INDIA

આથી હું એમ.નાગરાજન (આઈ.એ.એસ.) કમિશનર, સુરત મહાનગરપાલિકા, સુરત સને ૧૯૪૯ ની મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકા એક્ટની કલમ-૨૩૬ (૧) (૨) થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સુરતના ગોથાણ રેલ્વે ઓવર બ્રિજ ખાતે વેરીંગકોટની રીપેરીંગ અને અન્ય સમારકામ કરવામાં આવનાર હોવાથી જાહેર જનતાનાં જાનમાલની સલામતીના હેતુસર સદર બ્રીજ પૈકી વેલંજા થી વરીયાવ તરફના ટ્રેકને તા.૨૦/૦૫/૨૦૨૬ થી તા.૨૦/૦૮/૨૦૨૬ એટલે કે, ૯૨ દિવસ સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ કરી કામગીરી કરવામાં આવનાર છે.

સદર સમયગાળા દરમ્યાન જાહેર જનતાનાં જાનમાલની સલામતી જળવાઈ રહે તથા ટ્રાફીક નિયમન સરળતાથી થઈ શકે તે હેતુસર, તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે નીચે જણાવ્યા મુજબના ડાયવર્ઝન રૂટ ઉપયોગ કરી શકાશે.

* બ્રીજનો વેલંજા થી વરીયાવ તરફનો ટ્રેક બંધ હોય તે સમય દરમ્યાન બ્રીજના બીજા તરફનો ટ્રેક એટલે કે, વરીયાવ થી વેલંજા તરફનો ટ્રેક આવતા અને જતા બંને તરફના ટ્રાફિકના વાહનવ્યવહાર માટે ઉપયોગ કરી શકાશે.

સદર કામગીરી તા.૨૦/૦૫/૨૦૨૬ થી તા.૨૦/૦૮/૨૦૨૬ સુધીનાં સમયગાળામાં કરવામાં આવનાર છે. વધુમા, સદરહું કામગીરી બાકી રહેથી જાહેરનામું લંબાવવામાં આવશે તથા જો કામગીરી વહેલી પુર્ણ થયેથી બીજી જાહેરાત વિના સદર બ્રીજ ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવશે. સદર જાહેરનામાનાં ભંગ બદલ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તથા ભંગ બદલ થયેલ નુકશાની માટે જે તે વ્યક્તિ જવાબદાર રહેશે.

સદર કામગીરી દરમ્યાન નાગરિકોને સહકાર આપવા વિનંતી.

નં. પી.આર.ઓ/૪૧/૨૦૨૬-૨૭ કમિશનર
તારીખ:- ૨૦-૦૫-૨૦૨૬ સુરત મહાનગરપાલિકા

જાહેર નિવિદા નં. ૦૫/૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઇ.યુ. અને કાર્યપાલક ઈજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવા જિ. ડાંગ ફોન નં (૦૨૬૩૧) ૨૨૦ ૩૩૬ દ્વારા ડાંગ જિલ્લાના એમ.એમ.જી.એસ.વાય. ૨૦૨૫-૨૬ યોજના અંતર્ગત નીચે મુજબના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરમાં જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ભાવો માંગવામાં આવે છે. આ કામોની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબ સાઈટ "http://tender.nprocure.com" ઉપર થી જોવા મળશે.
(૧) જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને મુકવાના રહેશે.
(૨) દરેક દસ્તાવેજોની હાર્ડ કોપી તથા ટેન્ડર ફી, એફ.ડી.આર., આર.પી.એડી. થી કાર્યપાલક ઇજનેરશ્રી ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાની કચેરી જિલ્લા પંચાયત ભવન આહવા-ડાંગને સબમીશનની છેલ્લી તારીખ થી દિન-૦૭ સુધીમાં પહોચતા કરવાના રહેશે.
(૩) સોલવંશી સર્ટિફીકેટ તાજેતરના કેલેન્ડર વર્ષ-૨૦૨૬નું માન્ય રાખવામાં આવશે.

ઓનલાઈન ટેન્ડર જોવાની તારીખ	૨૦/૦૫/૨૦૨૬
પ્રિ-બીડ મીટીંગની તારીખ :	૧૨/૦૬/૨૦૨૬
ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ અને સમય	૧૯/૦૬/૨૦૨૬, ૧૮.૦૦ કલાક
બીડ ખોલવાની તારીખ	૧૯/૦૬/૨૦૨૬, ૧૮.૧૦ કલાક

ક્રમ	કામનું નામ	રકમ રૂ. લાખમાં	ટેન્ડર ફી
૧	કન્સ્ટ્રકશન ઓફ મેજર બ્રીજ એટ ખાતળ માછળી રોડ (વી.આર.) ચે. ૧/૬૦ થી ૧/૮૦ તા. વઘઇ જિ. ડાંગ	૪૬૨.૮૮	૬૦૦૦/-

આ કામોના ટેન્ડર દસ્તાવેજો ફક્ત ઈલેક્ટ્રોનીક ફોરમેટમાંજ જોવા મળશે અને વેબસાઈટ "http://tender.nprocure.com" પરથી ડાઉનલોડ કરી શકાશે.

કાર્યપાલક ઈજનેર
ડાંગ પંચાયત (મા*મ) વિભાગ
ક્રમાંક: માહિતી/ડાંગ/૨૭/૨૦૨૬ આહવા

જાહેર નોટીસનો જાહેર ખુલાસા સહ જવાબ

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે ગામ ખરવાસાના સર્વે નં.૨૫૧/૧, બ્લોક નં.૩૦૦/બ કે જેનું ક્ષેત્રફળ સુમારે હે.૦-૩૩ આરે ૮૧.૪૧ ચો.મી. યાને ૩૩૮૧.૪૧ ચો.મી. જે જમીનનો સમાવેશ સીટી સર્વે વોર્ડઃ ખરવાસા (બીનખેતી), શીટ નં.NA૯૯, સીટી સર્વે નં.NA૩૦૦/બ ક્ષેત્રફળ ૩૩૩૮.૪૧ ચો.મી. થાય છે, તે બિનખેતી (બહુહેતુક ઉપયોગ) ની ખુલ્લી જમીન અંગે (૧) પ્રવિણભાઈ માધવલાલ પટેલ (૨) મણીલાલ મોહનલાલ પટેલ નાઓની સુચનાથી તા.૦૨/૦૫/૨૦૨૬ ના રોજ એડવોકેટશ્રી હિતેશ જે. પટેલ તથા અમર બી. જરીવાલા મારફતે ગુજરાત મિત્ર દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરાવેલ, જે અન્વયે વાસંતીબેન ભીમાભાઈ નાઓએ હમો એડવોકેટ મારફતે તા.૦૭/૦૫/૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ ત્યારબાદ વાસંતીબેન ભીમાભાઈ તથા (૧) પ્રવિણભાઈ માધવલાલ પટેલ (૨) મણીલાલ મોહનલાલ પટેલ નાઓ વચ્ચે જે મનદુઃખ તથા જે તર-તકરાર ચાલી આવેલ તેનું નીરાકરણ આવી ગયેલ હોય, જેથી હવે પછી (૧) પ્રવિણભાઈ માધવલાલ પટેલ (૨) મણીલાલ મોહનલાલ પટેલ નાઓ સદરહુ જમીન અન્ય કોઈપણ વ્યક્તિને વેચાણ કરે તો વાસંતીબેન ભીમાભાઈ નાઓને કોઈપણ જાતનો વાંધો કે વિરોધ નથી અને સદરહુ જમીન અંગે કરવામાં આવેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૭૮ થી તા. ૧૮/૦૨/૨૦૨૦ ના રોજ નોંધાયેલ છે. તેમજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૪૨૨૨ થી તા.૦૬/૦૪/૨૦૨૩ ના રોજ નોંધાયેલ છે, જે બન્ને વેચાણ દસ્તાવેજો વાસંતીબેન ભીમાભાઈ નાઓ કબુલ મંજુર રાખતા આવેલ છે, જે જાહેર જનતાને જાહેર થાય.

મારી મારફત **દિપેશ દલાલ** એડવોકેટ
ઓફિસ : ૧૦૧, સાંઇ રૂદ્ર પેલેસ, ગોવર્ધન એપાર્ટમેન્ટની પાછળ, ગોધા સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૧ ૨૩૦૪૬

જાહેર નોટીસ

આથી લગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટના મોજે ગામ ઉધનાના રે.સર્વે નં. ૨૩૮ પૈકી, ૨૫૭, ૨૫૮ પૈકી થી નોંધાયેલી જમીનમાં આયોજીત **"સોનલ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ"** માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૯૯ વાળી બાંધકામ સહિતની મિલકત જેનું ક્ષેત્રફળ પહોળાઇ ૧૬ ફૂટ × ૭૦ ફુટ લંબાઇ યાને ૧૧૨૦ ચો.ફુટ યાને ૧૦૪.૦૪૮ ચો.મી યાને ૧૨૪ ચો.વાર છે તે વિગતની મીલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની મિલકતના માલીક **જીગરકુમાર ચંદ્રકાંત બંગડીવાળા અને બીનાબેન જીગરકુમાર બંગડીવાળા નાઓએ** પોતાની માલિકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની અને તદ્દન ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલવાળી હોવાનું જણાવીને મજકુર મિલકત **અમારા અસીલને** કબજા રસીદથી થી વેચાણ આપવાનુ નકકી કરેલ છે અને વેચાણ કિંમત પેટે પાર્ટ પેમેન્ટની રકમ પણ સ્વીકારેલ છે. જેથી મજકુર મિલકતમાં કોઇ બેંક, નાંણાકીય સંસ્થા, સોસાયટી યા વ્યકિતનો હર કોઇ પ્રકારનો હક્ક, હિત, સંબંધ, હિસ્સો, દર-દાવો, બોજો યા ચાર્જ હોય તો દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયા ના દિન ૭ માં નીચે જણાવેલ સરનામે દસ્તાવેજી પુરાવાઓ સહિત જાણ કરવી. જો સદર મુદતમાં કોઇ વાંધો યા રજુઆત ન મળશે તો મજકુર મિલકતમાં, કોઇનો કોઇ પ્રકારના હક્ક, હિત, સંબંધ, હિસ્સો, વિગેરે નથી અને હોયતો છોડી દીધેલ છે યાને વેવ કર્યા છે, ત્યારબાદ મજકુર મિલકતનો બાકી અવેજ ચુકવી પાકી કબજા રસીદ કરાવી લેવામાં આવશે અને ત્યારબાદ કોઇની પણ કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી, જેની સર્વે સંબંધીત એ નોંધ લેવી.

-:: મારી મારફત ::-
હિતેશ એલ. પટેલ (એડવોકેટ એન્ડ નોટરી)
ઓફીસ : ૧૦૩, પ્રથમ માળ, ન્યુ આર્શીવાદ સ્કવેર, સોસીયો સર્કલ, ઉધના મગદલ્લા રોડ, સુરત.

જાહેર નોટીસ

મોજે: **ભુનવાડી**, તા. જી. નવસારીની સીમમાં આવેલ ખાતા નંબર-૫૬, બ્લોક / સર્વે નં. ૪૫, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૨૧-૨૫, આકાર રૂા. ૧.૭૫ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના માલિક **૧) અબ્દુલ સમદ યુસુફભાઈ, ૨) ઈસ્માઈલ યુસુફભાઈ, ૩) હાજરા યુસુફભાઈ, ૪) અહમદ યુસુફભાઈ, ૫) ફાતમા યુસુફભાઈ, ૬) ઝુલેખા યુસુફભાઈ, ૭) મહમદ સઈદ યુસુફભાઈ, ૮) હવાબેન યુસુફભાઈ** નાઓએ તેઓની સંયુક્ત માલીકીની તથા કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી સદર ખેતીની જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કાંઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સબંધ, ગણોત હકક, દરમેલ હકક, ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરુધ્ધ વાંધો હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધિ થયેથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદ્દતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં મિલકતનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા-વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

તા. ૨૦-૦૫-૨૦૨૬ **જીજ્ઞેશ એલ. ચૌહાણ** (એડવોકેટ)
૩૮૨૦, સીતારામ નગર, પંચવટી, છાપરા રોડ, છાપરા, નવસારી. મો.: 8469590445, 8460266461

મોજે : મુળદ, તાલુકો : ઓલપાડ, જીલ્લો : સુરતના બ્લોક નંબર : 333, સીટી સર્વે વોર્ડ : મુળદ (બીનખેતી), સીટી સર્વે નંબર : NA333 થી નોંધાયેલી બીનખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત સબડિસ્ટ્રીકટ યાને તાલુકે ઓલપાડ ના મોજે ગામ : મુળદ ના બ્લોક નંબર : 333 થી નોંધાયેલી 3339-00 ચોરસ મીટર બીનખેતીની જમીન, જેનું સીટી સર્વે રેકર્ડ અમલમાં આવતા સીટી સર્વે ઓફિસ : ઓલપાડ, વોર્ડ : મુળદ (બીનખેતી), શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA333 આપવામાં આવેલ છે, તે બીનખેતીની જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે **સંદિપભાઈ જશવંતભાઈ પટેલ** નાઓએ તમામ રીતના ટાઈટલ કિલયરન્સ અને માર્કેટેબલ હોવાનું તેમજ સદરહુ જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે સદરહુ જમીનની તેમને એકલાને હરકોઈ રીતની વહીવટ વ્યવસ્થા કરવાનો હક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને તમામ હક્કો સહિત વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ વ્યકિત યા સંસ્થાનો, બેન્ક યા બેન્કીંગ જેવી સંસ્થાનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો, સંબંધ-હીત-દર-દાવો, હુકમનામું કે ખોરાકી-પોષાકીના હકકો કે બોજો કે કબજો હોય કે સદરહુ વેચાણ આપવા સામે કે અન્ય કોઈપણ રીતનો વાંધો યા વિરોધ હોય તો તેમને લેખીતમાં પુરાવા સહિત દીન-૭ (સાત) માં હમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈના કશા પ્રકારના હકક-હિત-હિસ્સા, દર-દાવા, બોજા, સંબંધ કે કબજા નથી અને હોય તો તે છોડી દીધેલા છે, તેમ ગણી મારા અસીલ વ્યવહાર પુર્ણ કરી પાકા રજીસ્ટર્ડ લખાણો કરાવી લેશે. તે બાદ કોઈની તર-તકરાર ધ્યાને લેવાશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૧.૦૫.૨૦૨૬ ઉપરોકત નોટીસ અસીલની સુચના અને ફરમાઈસથી આપેલ છે.

અમર વી. પટેલ (એડવોકેટ)
SAHAJ LEGAL LAW FIRM
સુરત ઓફિસ : ૨૦૫, રીજન્ટ સ્કવેર, ડી માર્ટની ઉપર, અડાજણ, સુરત.
ઓલપાડ ઓફિસ : ૨૨૨-૨૨૩, દ્વારકાધીશ કેમ્પસ, તાલુકા સેવાસદનની સામે,
બારડોલી ઓફિસ : ૧૦૧-૨ શ્રીજી કોમ્પ્લેક્સ કોર્ટ ની બાજુમાં, બારડોલી
મો. ૯૮૨૫૧ ૪૨૪૦૧ www.sahajlegallawfirm.com

મહેરબાન સુરતના ૮ માં એડીશનલ સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં
રૂમ નં ૭૧૩, ૭ માં માળે, નવી કોર્ટ બિલ્ડિંગ, જીલ્લા ન્યાયાલય, અઠવાલાઇન્સ, સુરત.

વાદી : રોહિતભાઈ ઉર્ફે રમેશભાઈ ભીમભાઈ દેસાઈ, રે.દિ.મુ.નં - ૧૯૨/૨૦૨૨
ઠેકાણું : ૧૧૩, વૃંદાવન સોસાયટી,
દુરદર્શનની સામે, સચિન સુરત. વિદ્વાન વકીલશ્રી
વિરૂધ્ધ એફ. બી. ચપટવાલા

પ્રતિવાદી : (૩)પ્રકાશ જરીવાલા,
રહે - ઢબુવાલા-પથ્થરવાલા ગલી, રાજશ્રી હોલની પાછળ,
નવસારી બજાર, સગરામપુરા, સુરત.

જાહેર નોટીસ

આ દાવાના વાદીએ ઉપરોકત નંબરનો દાવો નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. સદરહુ દાવામાં તમો પ્રતિવાદી નં ૩ ને અદાલત તરફથી નોટીસ બજાવવા માટે પ્રયત્ન કરેલ તેમજ રજીસ્ટર પોસ્ટથી વાદીએ પણ નોટીસ બજાવવા પ્રયત્ન કરેલ. પરંતુ તમો પ્રતિવાદી નં ૩ ને કોર્ટની નોટીસની બજવણી થતી નથી. જેથી વાદીએ જાહેર નોટીસ/સમન્સ થી બજવણી કરવા નામદાર અદાલતમાં અરજી આપી હતી તે નામદાર અદાલતે મંજુર કરતા ઉપર જણાવેલ પ્રતિવાદીઓને આ જાહેર નોટીસ/સમન્સ દૈનિક પેપર દ્વારા નામદાર કોર્ટની પ્રોસેસની બજવણી કરવામાં આવે છે આથી પ્રતિવાદી નં ૩ ને જાણ કરવામાં આવે છે કે, સદર દાવાની હવે પછીની ઠરાવ તારીખ ૧૨/૦૬/૨૦૨૬ રાખવામાં આવી છે. જેથી તે ઠરાવ તારીખે તમોએ જાતે અગર તમારા વકીલશ્રી મારફતે સવારે ૧૧:૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરીમાં સદર ઉપરોક્ત નંબરના દાવાની આગળની કાર્યવાહી એકતરફી નિકાલ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૫/૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીકકો કરી આપ્યો છે.

બી. એન. પટેલ તૈયાર કરનાર આસીસટન્ટ	આર. જી. ખુમાણ મુકાબલ કરનાર સુપ્રીટેન્ડેન્ટ	કોર્ટનો સીકકો	હુકમથી (એચ.એચ.દેસાઈ) રજીસ્ટ્રાર સીવીલ કોર્ટમાં, સુરત

એસોસીએટ કો-ઓપ. બેંક લિ.
હેડ ઓફિસ-પહેલો માળ, સુરત વણકર સંઘ બિલ્ડીંગ, રેશમવાળા માર્કેટ ની સામે, રીંગ રોડ, સુરત - ૩, ફોન.નં. (૦૨૬૧) ૨૩૪૧૫૩૬
Email: support@associatebank.in

પરિશિષ્ટ – ૪ રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાવર મિલકત)

નીચે સહી કરનાર **એસોસીએટ કો.ઓ.બેંક લિ.** ના અધિકૃત અધિકારી એ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારા ની કલમ ૧૩(૨) સાથે વાંચતા રૂલ ૩ હેઠળ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ની સતા હેઠળ **તા. ૨૦/૦૨/૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **(૧) મેસર્સ શ્રી સાલાસર સીન્થેટીકસ માલિક– શ્રી પંકજ નટવરલાલ પટેલ (કરજદાર) (૨) શ્રી પંકજ નટવરલાલ પટેલ (દિવાદાર) (૩) વિજય નટવરલાલ પટેલ (દેવાદાર) સંયુકત સરનામું : એચ–૯૦૩, રામેશ્વર ગ્રીન, અલથાણ નજીક, બમરોલી બ્રિજ, સુરત –૩૯૫૦૦૭ (૪) હિરલ વિજય પટેલ (દેવાદાર)** સરનામું – એફ–૫૦૩, લેક વ્યુ રેસીડેન્સી, સીટીલાઈટ, સુરત–૩૯૫૦૦૭. ને પેટા કલમ૧૩(૨)ની નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા. ૭૮,૬૬,૧૯૩.૪૧/– (અંકે રૂા. છોત્તેર લાખ છાસઠ હજાર એકસો ત્રાણું અને એકતાલીસ પૈસા પુરા)** લોન નં. ૯૯૯૯૩૫૦૧૦૦૦૩૬૬ અને રૂા. ૮,૩૬,૯૪૯.૮૪/–(અંકે રૂા. આઠ લાખ છત્રીસ હજાર નવસો ઓગણપચાસ અને ચોર્યાસી પૈસા પુરા) લોન નં.૯૯૯૯૪૦૦૭૦૦૦૧૧૬ કુલ લોન **રૂા.૮૭,૦૩,૧૪૩.૨૫/– (અંકે રૂા. સીત્યાશી લાખ ત્રણ હજાર એકસો તેત્તાલીસ અને પચ્ચીસ પૈસા પુરા) વત્તા તા. ૧૯/૦૨/૨૦૨૬ ના** રોજ થી તેના ઉપર ના અન્ય ચાર્જીસ અને વ્યાજ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસ ની અંદર પરત ચૂકવી દેવાનું જણાવ્યુ હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસૂરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહી નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારી એ આ ધારા ની કલમ ૧૩ એક્ટની પેટા કલમ (૪) કે જે સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર તારીખ ૧૫મી મે સને ૨૦૨૬ ના રોજ આ સંપત્તિ નો **સાંકેતિક કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકાર નો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **એસોસીએટ કો. ઓ. બેંક. લિ. મુખ્ય શાખા**, ની રકમ **રૂા. ૭૮,૬૬,૧૯૩.૪૧/– (અંકે રૂા. છોત્તેર લાખ છાસઠ હજાર એકસો ત્રાણું અને એકતાલીસ પૈસા પુરા) લોન નં. ૯૯૯૯૩૫૦૧૦૦૦૩૬૬ અને રૂા. ૮,૩૬,૯૪૯.૮૪/–(અંકે રૂા. આઠ લાખ છત્રીસ હજાર નવસો ઓગણપચાસ અને ચોર્યાસી પૈસા પુરા) લોન નં.૯૯૯૯૪૦૦૭૦૦૦૧૧૬ કુલ લોન રૂા.૮૭,૦૩,૧૪૩.૨૫/– (અંકે રૂા. સીત્યાશી લાખ ત્રણ હજાર એકસો તેત્તાલીસ અને પચ્ચીસ પૈસા પુરા)** વત્તા તા. ૧૯/૦૨/૨૦૨૬ ના રોજ થી તેના ઉપર ના અન્ય ચાર્જીસ અને વ્યાજ ને આધીન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ એક્ટની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પૂરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકત નું વર્ણન

સુરત ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રેશન સબ–ડિસ્ટ્રીકટ તાલુકો સીટી શહેર સુરત ના મોજે સરસાણાના સર્વે નંબર : ૧૪/૩ કે જેના બ્લોક નં. ૪૬ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૧૮૨૧–૦૦ ચો.મી છે તે જમીન તથા સર્વે નં. ૧૪/૪ કે જેનો બ્લોક નં. ૪૭ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૧૦૧૨–૦૦ ચો.મી છે તે જમીનો મળી કુલ ક્ષેત્રફળ :૨૮૩૩–૦૦ ચો.મી થાય છે તે બીનખેતીની જમીનમાં બાંધવામાં આવેલ 'લેકવ્યુ રેસીડન્સી' ના બિલ્ડીંગ નં. 'એફ' ના પાંચમા માળ ઉપર આવેલ ફ્લેટ નં. ૫૦૩ વાળી મિલકત કે જેનો સુપર બિલ્ટઅપ એરિયા : ૧૦૯૧–૦૦ ચો.ફુટ યાને ૧૦૧–૩૬ ચો.મી અને બિલ્ટઅપ એરિયા : ૭૨.૯૦ ચો.મી તે મિલકત તથા બિલ્ડીંગ તળેની જમીનોમાં ફાળે પડતા વણવહેચાયેલ હિસ્સા સહીતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહાર ના તમામ હકકો સહીતની મિલકત.

સ્થળ : સુરત | તા. ૧૫/૦૫/૨૦૨૬ અધિકૃત ઓફીસર એસોસીએટ કો.ઓ.બેંક લિ.

:ગામ ઉભરાટના સ.નં.૧૨૨/૨૪૩-૨૪૪ પૈકી પ્લોટ નં.૪૪૮ અંગે જાહેર નોટીસ

જી.નવસારી તા. જલાલપોર મોજે ગામ ઉભરાટના રે.સ.નં.૧૨૨/૨૪૩–૨૪૪ પૈકી, જુના બ્લોક નં. ૮૫૫ પૈકી હાલ બ્લોક નં.૨૫૯૩/૭ વાળી બીનખેતીની જમીનમાં આવેલ રહેઠાણ હેતુના પ્લોટો પૈકી પ્લોટ નં.૪૪૮ જેનું ક્ષેત્રફળ ૫૦૦ ચો.વાર યાને ૪૧૮.૧૦ ચો.મી. છે તે તેના માલિક માયા સાહબ સંજય સહાની ઠે. સુરતના એ પોતા સ્વ સવિતાબેન રઘુનાથ વાઘેલાના સીધીલીટીના એક માત્ર વારસદાર એવા હરીશ રઘુનાથ વાઘેલા કનેથી ખરીદ કરીને માલીક તથા કબજેદાર બનેલા હોવાનું તથા મિલકત ચોખ્ખા અને ક્લીયર ટાઈટલવાલી હોવાનુ જણાવીને મારા અસીલને પ્રત્યક્ષ કબજા સાથે વેચાણ આપવાનુ નકકી કરેલ છે. મજુકર પ્લોટોવાલી મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ હકક હીત હીસ્સો અથવા વાંધો હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન :૭ માં મને લેખિતમાં જાણ કરવી. મુદત વિત્યે તેવા કોઈના હકક હીત નથી અથવા હોય તો તે વેવ કરેલ છે, એમ શુધ્ધબુધ્ધીપુર્વક માનીને પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેવામાં આવશે, અને પાછળથી કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહી, તેની સર્વેએ નોંધ લેવી.

મારી મારફત : **નીલકંઠરાય જે. વકીલ** (એડવોકેટ)
ઠે.૮,દર્શના સોસાયટી,નાનપુરા,કદમપલ્લી,સુરત મો.નં.૯૦૩૩૯૫૯૫૩૨

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ તાલુકા ચોર્યાસી (હાલ પુણા) મોજે ગામ પુણાનાં રેવન્યુ સર્વે નં.૪૧૨, બ્લોક નંબર : ૪૫૨, ટી.પી. સ્કીમ નં. ૨૦(પુણા), ફાયનલ પ્લોટ નં. ૧ થી નોધાયેલ જમીન ઉપર આયોજીત "ખોડીયાર નગર" સોસાયટીમાં પાડવામાં આવેલા ગાળા ટાઈપ પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૨૨ થી નોંધાયેલી ૧૨ ફુટ બાય ૩૨ ફુટની બાંધકામ સહીતનાં લાગતા વળગતા અંદરનાં તથા બહારનાં તમામ હકકો સહીતની મિલકતનાં માલીક નીતાબેન વિપુલભાઈ ખુંટ એ પોતાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની હોવાનુ તથા સદરહુ મિલકત ઉપર કોઈપણ જાતના કોઈના બોજા રહીત તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનુ જણાવી મારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. સદરહુ મિલકત ઉપર કોઈના કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હક, હિત, સબંધ, ખોરાકી, પોષાકીના કે ઈઝમેન્ટના કોઈપણ પ્રકારના હક કે બોજા હોય યા કોઈ બેન્ક, નાણાકીય સંસ્થા, ખાનગી પેઢી કે વ્યકિતગત બોજો કે સાટાખત કે વેચાણ અંગેના કોઈ લખાણો હોય તો તેની આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ની મુદતમાં પુરાવા સહિત મને લેખિત ખાતરી કરાવવી. અન્યથા સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક, હિત સંબંધ નથી તેમ ગણી અગર તો હોય તો તે વેવ કરેલ છે યાને છોડી દીધેલ છે, તેમ ગણી મારા અસીલ સદરહુ મિલકતનો કાયદેસરનો કબજા સહિતનો વેચાણ કરાર કરાવી લેશે અને તેમાં કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી તેની સર્વેએ નોંધ લેવી.

તા.૨૧/૦૫/૨૦૨૬ **લલીત ડી. દેસાઈ**
એ/૩૦૨, પ્રમુખ ડોકટર હાઉસ, પુના-કુંભારીયા રોડ, (એડવોકેટ એન્ડ નોટરી)
પરવત પાટીયા, સુરત. મો. ૯૮૨૪૨૦૮૩૫૨ તે ખરીદનારનાં એડવોકેટ

-:: જાહેર ચેતવણી ::-
મોજે ગામ - ઘલા, તા. કામરેજ, જી. સુરતમાં આવેલ બ્લોક નં. ૮૧૨ તથા મોજે ગામ - બોધાન, તા. અરેઠ, જી. સુરતમાં આવેલ બ્લોક નં. ૩૧૯, ૪૯૭ તથા મોજે ગામ - વડોદ, તા. અરેઠ, જી. સુરતમાં આવેલ બ્લોક નં. ૩૯

હમારા અસીલ યુસુફ સુલેમાન પટેલ, રહે. ગજેરીયુ ફળીયુ, ગામ - બૌધાન, તા. અરેઠ, જી. સુરતની સુચના તથા ફરમાઇસ થયા અન્વયે આ જાહેર નોટીસ થકી જાહેર જનતાને તાકીદ કરીએ છીએ કે, (૧) **મોજે ગામ - બૌધાન,** તા. અરેઠ, જી. સુરતમાં આવેલ **બ્લોક નં. ૩૧૯,** ક્ષેત્રફળ હે.આરે. ૧-૨૭-૪૮ ચોમી., (૨) **મોજે ગામ - બૌધાન,** તા. અરેઠ, જી. સુરતમાં આવેલ **બ્લોક નં. ૪૯૭,** ક્ષેત્રફળ હે.આરે. ૧-૮૨-૧૧ ચોમી. તથા (૩) **મોજે ગામ - વડોદ,** તા. અરેઠ, જી. સુરતમાં આવેલ **બ્લોક નં. ૩૯,** ક્ષેત્રફળ હે.આરે. ૦-૩૩-૦૦ ચોમી. તથા (૪) **મોજે ગામ - ઘલા,** તા. કામરેજ, જી. સુરતમાં આવેલ **બ્લોક નં. ૮૧૨,** ક્ષેત્રફળ હે.આરે. ૧-૬૧-૭૨ ચોમી. વાળી જમીન હમારા અસીલની પિતા તરફથી વારસાઇ હકકે ચાલી આવેલી છે. આમ, તમામ જમીનમાં હમારા અસીલના ભાઇ મર્હુમ મહંમદ સુલેમાન પટેલના વારસોએ તેમનો હકક હિસ્સો સદર મિલકતમાં લાગતો ન હોવા છતાં ખોટી રીતે રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરેલ છે. તે બાબતે મહે. સુરતના કલેકટર સાહેબની કોર્ટમાં આર.ટી.એસ/અપીલ નં. ૨૨૧/૨૦૨૫, ૧૯૫/૨૦૨૬ તથા ૧૯૬/૨૦૨૬ થી રેવન્યુ કાર્યવાહી સબજયુડીસ છે. તથા મોજે ઘલામાં આવેલ બ્લોક નં. ૮૧૨ માં આવેલ જમીનમાં હમારા અસીલની હયાતીમાં તેમના પુત્ર સોહેલ યુસુફ પટેલનો મુસ્લિમ કાયદા મુજબ હકક લાગતો નથી. તેમ છતાં હમારા અસીલ કનેથી તેમના પુત્રે બદઇરાદાથી છળકપટપુર્વકના લખાણો લખાવી લીધેલ છે અને તેના આધારે નોંધ નં.૧૧૩૦૯ પડાવેલી છે જેના વિરૂધ્ધમાં પણ હમારા અસીલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

આમ, ઉપરોક્ત જણાવેલ જમીનમાં ન્યાયિક કાર્યવાહી સબજ્યુડીસ હોય જેથી સદરહુ જમીનો બાબતે કોઇ પણ ઇસમે વેચાણ, ગીરો, બક્ષિસ, સાટાખત અથવા રાઇટ, ટાઇટલ તથા ઇન્ટરેસ્ટ ફ્રીએટ થાય તેવા કોઇ લખાણો કરવા કરાવવા નહી અને જો કરશો તો તકરાર સિવાય કંઇ પ્રાપ્ત થશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી. **તા. ૨૧/૦૫/૨૦૨૬**

પ્રકાશ હસમુખભાઈ પટેલ
ઠે. : યુ/૧૬, વૈભવ કોમ્પલેક્ષ, કામરેજ ચાર રસ્તા, તા. કામરેજ, જી. સુરત. મો. ૯૮૯૮૨ ૬૫૭૨૩, ૯૮૯૮૦ ૫૬૭૨૩ તે યુસુફ સુલેમાન પટેલના એડવોકેટ

જાહેર નોટીસ

શહેર સુરતના નવા વધારેલા વિસ્તાર આંજણા મુકામે આવેલ જી.સુરતના તા.ઉધનાના મોજે ગામ આંજણાના સર્વે/બ્લોક નં.૧૦ પૈકી તથા ૧૩ પૈકી, ટી.પી.સ્કીમ નં. ૭ (આંજણા), ફા.પ્લોટ નં. ૯૮ પૈકી (FSC-PARCEL-C થી નોંધાયેલ સુમારે ૧૦૬૬૭.૫૨ ચો.મી. જમીનના માલીક સુરત મહાનગરપાલિકા ચાલી આવેલ છે અને સુરત મહાનગરપાલિકાએ સદરહુ જમીન અંગે આર.ડી.બી.રીયલ્ટી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી. ને સબરજીસ્ટ્રાર સુરત-૫ (અલથાણ)ની કચેરીમાં તા.૧૮/૪/૨૦૨૪ ના રોજ અનુક્રમ નં. ૪૮૯૫ થી નોંધાયેલ લીઝ ડીડ અન્વયે ૯૯ વર્ષની મુદ્દત માટે લીઝ ઉપર આપેલી અને ત્યારબાદ લીઝ ડીડની શરત મુજબ સદરહુ જમીન આર.ડી.બી.રીયલ્ટી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.એ મે.સંમ્પ્રતિ બિલ્ડકોન પ્રા.લી. ને સબરજીસ્ટ્રાર સુરત-૫ (અલથાણ) ની કચેરીમાં તા. ૨૩/૫/૨૦૨૫ ના રોજ અનુક્રમ નં. ૯૮૨૭ થી નોંધાયેલ સબલીઝ ડીડ અન્વયે ૯૯ વર્ષની મુદ્દત માટે સબલીઝ ઉપર આપેલ છે. અને સદરહુ જમીન ઉપર મે.સંમ્પ્રતિ બિલ્ડકોન પ્રા.લી. એ "માન્ચેસ્ટર માર્કેટ" ના નામથી કોમર્શીયલ મલકતના બાંધકામનું આયોજન કરેલ છે. અને તેઓએ ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક લી. ઠે. વસુધારા ભવન, ટીમલીયાવાડ, સુરતના પાસેથી પ્રોજેકટ લોન મેળવવાની અરજી કરેલ છે તેથી આ પ્રોજેકટમાં કોઈપણ વ્યક્તિ-ઈસમોએ દુકાનો/ઓફિસો/યુનિટોના સાટાખત તથા વેચાણ દસ્તાવેજો કરાવતા પહેલા ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક લી.ની લેખિત પરવાનગી મેળવવી ફરજીયાત છે તે શરતે બેંક તરફથી પ્રોજેકટ ધિરાણ મંજુર કરવામાં આવેલ છે તેની જાહેર જનતાએ નોંધ લેવી.

ધિરાણ લેનાર	ધિરાણ આપનાર
મે.સંમ્પ્રતિ બિલ્ડકોન પ્રા.લી. તર્ફે તેના ડાયરેક્ટરો	ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક લિ. અધિકૃત અધિકારી લોન ડિપાર્ટમેન્ટ
૧. સહી: અશ્વિનભાઈ એમ.શાહ	
૨. સહી: રજની જે. વોહેરા	
૩. સહી: મુકેશકુમાર અગરવાલ	
૪. સહી: નારાયણ રાઠી	સહી:
૫. સહી: નિસ્વકુમાર સુરેશચંદ્ર શાહ	(કલ્પેશ ડી. પારેખ) એજીએમ ઈન્ચાર્જ (ક્રેડિટ)

ભદ્રેશ એ. તમાકુવાળા
ઠે. ૩૦૧, શિવમ કોમ્પલેક્ષ, નાનપુરા, પાલીયા સ્ટ્રીટ, સુરત.
તે ધી સૂરત પીપલ્સ કો. ઓ. બેંક લી.ના એડવોકેટ

-:: વેચાણ અંગેની ખોટી હકીકત દર્શાવી ખોટી નોટીસ પ્રસિધ્ધ કરાવવા બદલ જાહેર ચેતવણી ::-

આથી **ડિસ્ટ્રીકટ : સુરત, તાલુકા : ઓલપાડ** ના **મોજે : ભાઇંડી** ના **બ્લોક નંબર : ૩૫૪** વાળી **તા.૨૭/૦૬/૨૦૨૨** ના રોજ **હુકમ નંબર : 1186/22/01/047/2022 થી બિન ખેતી પ્રિપાત્ર (એન.એ.)** થયેલ જમીન કે જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ ૧૬,૬૯૩.૦૦ ચો.મી. વાળી એન.એ. થયેલ જમીન કે જે જમીનના માલિક : **ગીરીશભાઈ સોમાભાઈ રાઠોડ,** રહેઃ ભાઇંડી, સુરત નાઓએ જમીન અંગેના વેચાણ અંગેના વ્યવહાર કરવા માંગતા હોવાનું જણાવી કેટલાક જમીન દલાલો મારફતે સદરહુ જમીન સબંધેના વેચાણ અંગેના વ્યવહારો તેઓ જાતે કરવા માંગતા હોય, જે અંગે તેઓએ પોતાના જમીન સબંધેના જરૂરી દસ્તાવેજોની નકલ તથા તે અંગેના જરૂરી કાગળો સાથે પોતાના એટલે કે ગીરીશભાઈ નાઓએ પોતાના **એકાઉન્ટ નંબર : ૦૨૭૯૦૧૦૦૦૨૬૭૫૪** ના બેંક ઓફ બરોડા, સાયણ શાખા, સુરત ની તમામ બેંક ડીટેઇલ તથા પોતાનું પાન કાર્ડ, આધાર કાર્ડ, વિગેરે પોતાની તમામ અંગત માહિતી અને વિગતો રજૂ રાખી જમીન ખરીદવા ઈચ્છતા જીતેન્દ્રભાઈ છગનભાઈ ભાખર નાઓ સાથે જમીન અંગેની મૌખિક ડીલ કરેલ અને તે દરમ્યાન ગીરીશભાઈ રાઠોડ નાઓએ સદર જીતેન્દ્રભાઈ નાઓ પાસેથી **ચેક નંબર : ૦૦૬૬૪૯ નો તા.૧૪/૦૫/૨૦૨૬** ના રોજનો **રૂ. ૫,૦૦,૦૦૦/-** નો સ્વીકારી લઇ અને તે અંગે પોતે પોતાની જમીનના વેચાણ અંગેની કાયદેસર નોટીસ પ્રસ્થાપિત કરેલ અને ત્યારબાદ સદર નોટીસ ગીરીશભાઈ રાઠોડનાઓની સંપૂર્ણ સંમતી અને જાણકારી હેઠળ "ગુજરાતમિત્ર" દૈનિક ન્યુઝપેપરમાં તા. ૧૬/૦૫/૨૦૨૬ ના રોજ વેચણ અંગેની જાહેર નોટીસ અમો મારફતે પ્રસિધ્ધ કરવામાં આવેલ તે દરમ્યાન પણ સદર ગીરીશભાઈ રાઠોડ નાઓએ સાચી અને ખરી હકીકત છુપાવી, વધુ નાણા મેળવવા માટે સદર જીતેન્દ્રભાઈ નાઓ મારફતે જમીનના અવેજ પેટે **રૂ. ૧૦,૦૦,૦૦૦/-** હિમાંશુભાઈ ગુજ્જર નાઓ મારફતે **તા. ૧૮/૦૫/૨૦૨૬** ના રોજ બેંક **એકાઉન્ટ નંબર : ૦૦૨૧૧૦૨૦૧૦૦૧૯૭૦** થી ગીરીશભાઈ નાઓએ પોતાના **એકાઉન્ટ નંબર : ૦૨૭૯૦૧૦૦૦૨૬૭૫૪** માં **ચેક નંબર : ૨૧૩૦૪૧ થી રૂ. ૧૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ લાખ પુરા)** મેળવી લીધેલ છે અને જે હકીકત ગીરીશભાઈ રાઠોડ પ્રથમથી જ જાણતા હોવા છતાં વધુ નાણાંકીય લાલચમાં આવી જઈ અને કેટલાક જમીન દલાલોની ચઢામણી હેઠળ આવી જઈ તેમજ વધુ નાણાંકીય પ્રલોભનમાં આવી એક એડવોકેટ : સંજય એમ. દુધરેજીયા નાઓ મારફતે તદ્દન ખોટી અને બોગસ જાહેર ચેતવણી તે હેડીંગ થી ચેતવણી ઉભી કરાવી અને જે ખોટા અને ગેરકાનુની રીતે એક એડવોકેટ સબંધે શબ્દપ્રયોગ કરેલ છે તે અંગે સદર ગીરીશભાઈ રાઠોડ નાઓ વિરૂધ્ધ "ધી એડવોકેટ એક્ટ" અન્વયે તેમજ જાહેર ચેતવણી તળે એડવોકેટની શાખ અને પ્રતિષ્ઠા ઉપર તથા વકીલની ગરિમા ઉપર અસર પહોચે તેવા શબ્દપ્રયોગથી જે ખોટી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે તે અન્વયે સદર ગીરીશભાઈ રાઠોડ નાઓ સામે બદનક્ષી અંગેની ફરીયાદ અને વળતર માટેની અલગથી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે જેના પરિણામની જવાબદારી સદર ગીરીશભાઈ રાઠોડ નાઓની રહેશે તથા સદર જમીન સબંધે ગીરીશભાઈ રાઠોડ નાઓએ સદર જમીન તેઓએ સરકારશ્રીની પુર્વપરવાનગી સિવાય ખોટી રીતે પ્રસિધ્ધ કરાવેલ હોય જેથી આ અંગે કલેકટરશ્રી, સુરત નાઓને લેખિતમાં જાણ કરી સદર જમીન સરકારશ્રી હસ્તક દાખલ કરી ખાલસા કરવા પણ જરૂરી કાનુની કાર્યવાહી કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી તથા સદર ગીરીશભાઈ સોમાભાઈ રાઠોડ નાઓ સાથે ઉપરોક્ત સર્વે નંબર/ બ્લોક નંબર વાળી જમીન સબંધેનો કોઇપણ પ્રકારનો વ્યવહાર અમોના અસીલ : જીતેન્દ્રભાઈ ભાખર નાઓની જાણ તેમજ સંમતી સિવાય કરવો-કરાવવો નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી. **સ્થળ : સુરત, તા. ૨૦.૦૫.૨૦૨૬**

સુનિલ બી. રાઠોડ એડવોકેટ એન્ડ નોટરી
ઓફીસ : ૨-ઈ, નિલગગન એપાર્ટમેન્ટ, બીજા માળે, ધીરજ સન્સ પાસે, અઠવાગેટ, સુરત. મો. ૯૮૨૪૨ ૮૧૪૪૬.

જમીન/મીલકતોના ટાઇટલ્સ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

જાહેર જનતાને જણાવવાનુ કે, મે. સંમ્પ્રતિ બિલ્ડકોન પ્રા.લી.એ હમારા અસીલ ધી સૂરત પીપલ્સ કો.ઓ.બેંક લી. માંથી લોન મેળવવા માટે જરૂરી અરજી કરેલ છે અને તે લોનનાં નાણાંની ચુકવણીની સલામતી માટે નીચે જણાવેલ વિગતની જમીન/મીલકત પણ તેઓ હમારા અસીલ બેંકને શાનગીરોમાં લખી આપવા માંગે છે. તે અંગે ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક લી. તરફથી હમારી પાસેથી ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરવામાં આવેલ છે તેથી સદરહુ જમીન/મીલકત બાબતે કોઈના કોઈપણ પ્રકારના ચાર્જ, ગીરો, બોજો કે લીયનના યા અન્ય કોઈ પ્રકારના હક્ક-હિતો હોય અગર તો સદરહુ જમીન/મીલકતોને લગતા કોઈપણ વ્યક્તિના સોદાચિઠ્ઠી, વેચાણ સાટાખત કે અન્ય કોઈપણ પ્રકારના હક્કો ચાલી આવેલ હોય તો તે અંગે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં તેમના લેખિત વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને મોકલાવી આપવા. તેમ થવામાં કસૂર થયેથી સદરહુ જમીન/મીલકતમાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિતો કે બોજો કે ગીરો કે લીયનના હક્કો નથી અને હોય તો તે વેવ યાને જતા કરેલા હોવાનું ગણી લઈ સદરહુ જમીન/મીલકતના હમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું અને સદરહુ જમીન/મીલકતના હમારા અસીલ બેંક તેમના લાભમાં જરૂરી રજી.શાનગીરો ખત કરાવી લેશે અને સદરહુ જમીન/મીલકત ઉપર હમારા અસીલ ધી સૂરત પીપલ્સ કો.ઓ.બેંક લી.નો પ્રથમ ચાર્જ યાને બોજો રહેશે અને કોઈની કોઈપણ જાતની તર-તકરાર હમારા અસીલ બેંકને બંધનકર્તા રહેશે નહીં તેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

:: જમીન/મીલકતોની વિગત ::

એ. શહેર સુરતના નવા વધારેલા વિસ્તાર આંજણા મુકામે આવેલ જી.સુરતના તા.ઉધનાના મોજે ગામે આંજણાના સર્વે/બ્લોક નં.૧૦ પૈકી તથા ૧૩ પૈકી, ટી.પી.સ્કીમ નં.૭(આંજણા), ફા.પ્લોટ નં.૯૮ પૈકી (FSC-PARCEL-C) થી નોંધાયેલ સુમારે ૧૦૬૬૭.૫૨ ચો.મી. જમીન કે જેના માલિક સુરત મહાનગરપાલિકા ચાલી આવેલ છે અને સદરહુ જમીન અંગે મે.સંમ્પ્રતિ બિલ્ડકોન પ્રા.લી. ને સબરજીસ્ટ્રાર સુરત-૫ (અલથાણ) ની કચેરીમાં તા.૨૩/૫/૨૦૨૫ના રોજ અનુક્રમ નં. ૯૮૨૭થી નોંધાયેલ સબલીઝ ડીડ અન્વયે ૯૯ વર્ષની મુદ્દત માટે સબલીઝ રાઈટસ ચાલી આવેલ છે તે જમીન ઉપર તેઓ તરફથી બાંધવામાં આવનાર "માન્ચેસ્ટર માર્કેટ" ના નામથી ઓળખાતી કોમર્શીયલ બાંધકામવાળી મીલકત.

બી. શહેર સુરતના તા.અડાજણના મોજે જહાંગીરપુરાના રે.સ.નં.૭૮/૨ બ્લોક નં.૧૨૯, ટી.પી.સ્કીમ નં.૪૬ (જહાંગીરપુરા), એફ.પી.નં.૬૩ પૈકીની ઉત્તર-પૂર્વ દિશા તરફની ૪૪૩૪.૭૯ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન કે જેને સુરત મહાનગરપાલિકાના રીવાઈઝડ પ્લાન મુજબ સબડીવીઝન પ્રમાણે સબપ્લોટ નં.૬૩/એ આપવામાં આવેલ છે તે ઉપર બાંધવામાં આવેલ "EXXONIIC" બિલ્ડીંગમાં આવેલ સંમ્પ્રતિ પ્રોકોન-ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારોઃ અશ્વિનભાઈ મહાસુખલાલ શાહ, નિરવભાઈ સુરેશચંદ્ર શાહ તથા રજનીભાઈ જયંતભાઈ વોહેરાની માલિકીની ચોથોમાળ કે જેમાં હોલ નં.૧ તથા ૨ તેમજ ઓફીસ નં.૪૦૬ થી ૪૧૫ તેમજ પાંચમો માળ કે જેમાં ઓફીસ નં.૫૦૬ થી ૫૧૫ નો સમાવેશ થાય છે તે મીલકત.

ભદ્રેશ એ. તમાકુવાળા
ઠે. ૩૦૧, શિવમ કોમ્પલેક્ષ, નાનપુરા, પાલીયા સ્ટ્રીટ, સુરત.
તે ધી સૂરત પીપલ્સ કો. ઓ. બેંક લી.ના એડવોકેટ

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના મોજે જીણોદના રે.સ.નં.૨૩૬/૧ કે જેનો બ્લોક નં.૭૧૨/૨ વાળી જમીનની વેચાણની જાહેર નોટીશ

સુરત ડીસ્ટ્રીકટ, ઓલપાડ સબ ડીસ્ટ્રીકટ, મોજે જીણોદના રે.સ.નં.૨૩૬/૧ કે જેનો બ્લોક નં.૭૧૨/૨ થી નોંધાયેલી ૫૯૩૫.૦૦ ચો.મી. તથા જેનો આકાર રૂા.૪–૪૨ પૈસા છે તે જુની શરતની ખેતીની જમીન **ઉત્તમભાઈ છગનભાઈ પટેલ તથા પરશુરામભાઈ છગનભાઈ પટેલનાઓએ** તેઓની સ્વતંત્ર અને સંપુર્ણ માલિકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી તથા સદરહુ જમીનમાં તેઓ સિવાય અન્ય કોઈનો પણ કશા પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, કબજો ચાલી આવેલ ન હોવાનું જણાવી તેમજ સદરહુ જમીનના ટાઈટલો તેઓથી સંપુર્ણ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી તેમજ સદરહુ જમીનમાં કોઈનો કશા પ્રકારનો ઈઝમેન્ટનો હક્ક તથા કોઈપણ પ્રકારનો બોજો ન હોવાનું જણાવી તેમજ સદરહુ જમીન અન્ય કોઈને વેચાણ આપવાનું નક્કી કરેલ ન હોવાનો પાકો ખાતરી અને ભરોસો આપી, સદરહુ જમીનનો પ્રત્યક્ષ કબજો વેચાણ દસ્તાવેજ કરતી વખતે સ્થળ ઉપર પ્રત્યક્ષ સુપરત કરવાનું જણાવી, ઉપરોકત આખી જમીન મારા અસીલને કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ આપવા નક્કી કરેલ છે.

મારા અસીલ સદરહુ જમીનનો નક્કી થયા મુજબનો પુરેપુરો વેચાણ અવેજ સદર જમીન માલિકોને ચુકવી સદરહુ આખી જમીનનો વેચાણ દસ્તાવેજ પોતાની તરફેણમાં ટૂંક સમયમાં કરાવી લેનાર છે. સબબ, સદરહુ જમીન અંગે કોઈનો કશા પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, કબજો, અધિકાર કે બોજો હોય તો તેઓએ જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના દિન–૭ માં અમોને લેખિતમાં જાણ કરવી. જેમ કરવામાં કસુર થયેથી મુદત વિત્યે મારા અસીલ સદરહુ જમીનનો નક્કી થયા મુજબનો પુરેપુરો વેચાણ અવેજ તેના ઉપર જણાવેલા માલિકોને ચુકવી તેનો પાકો વેચાણ દસ્તાવેજ પોતાની તરફેણમાં કરાવી લેશે. ત્યારબાદ કોઈની કશા પ્રકારની તર–તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

વિપુલ બી. કનસાડવાલા તે ખરીદનારના એડવોકેટ
ઓફીસ નં. ૩૦૧-૩૦૨, ત્રીજો માળ, કોર્પોરેટ એવન્યુ, ડો. માણેકજી સ્ટ્રીટ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૫–૭૦૫૯૩

જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ : પલસાણા, મોજે : બગુમરા ગામની નીચે જણાવેલ ખેતીની જમીનો :

ક્રમ નં.	બ્લોક નં.	ખાતા નં.	આકાર રૂા.	ક્ષેત્રફળ ચો.મી.	સત્તા પ્રકાર
૧.	૪૯૩	૨૭૨૮	૨.૬૯ પૈસા	૦–૧૬–૬૫	જુની શરત
૨.	૪૯૪	૨૭૨૮	૫.૦૬ પૈસા	૦–૩૩–૩૦	જુની શરત
૩.	૪૯૫	૨૭૨૮	૩.૨૫ પૈસા	૦–૨૧–૪૦	જુની શરત
૪	૪૯૮	૩૧૮૯	૪.૭૫ પૈસા	૦–૩૨–૧૧	બીનખેતી પ્રિ.પાત્ર
૫.	૫૦૧	૨૭૨૮	૨.૮૭ પૈસા	૦–૨૦–૨૨	બીનખેતી પ્રિ.પાત્ર
૬.	૫૦૫	૨૭૨૮	૪.૩૧ પૈસા	૦–૩૩–૩૦	જુની શરત
૭.	૫૦૬	૨૭૨૮	૩.૬૩ પૈસા	૦–૨૩–૮૦	બીનખેતી પ્રિ.પાત્ર
૮.	૫૦૯	૨૭૨૮	૯.૩૧ પૈસા	૦–૭૯–૬૭	બીનખેતી પ્રિ.પાત્ર
૯.	૫૧૦	૨૭૨૮	૧૨.૩૧ પૈસા	૦–૯૮–૭૦	બીનખેતી પ્રિ.પાત્ર

ઉપરોકત જણાવેલ ખેતીની ઉપરોકત શર્ત મુજબની જમીન મીલકતનાં માલીક **સુનિષભાઈ બિપિનચંદ્ર શાહ** ના નામે ચાલે છે. જેઓએ મજકુર જમીનો તેમની માલીકી, કબજા ભોગવટા, વહીવટપણાની હોવાનું તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવીને અમોના અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી ખેડખાતાની જમીન બાબતે ૭/૧૨ માં દર્શાવ્યા ઉપરાંત તેના હિસ્સા ઉપર જો કોઈ શખ્સ, બેંક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો પ્રત્યક્ષ, પરોક્ષ, કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારે લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, કબજો ભોગવટો, ઈઝમેન્ટ કે તે મતલબતના સાટાખત, રસ્તાના હકક હિત અધિકાર લીયન, લેણા, બોજો કે દરદાવો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં તે બદલના તમામ પુરાવા સાથે નીચેના સરનામે રૂબરૂમાં લેખીતમાં જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી. જો તેમ કરવામાં નહી આવે તો, મજકુર મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો છે નહી અને હોય તો તે જતા કરેલ છે., તેમ સમજી અમારા અસીલ મજકુર મીલકત વેચાણ રાખવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરી–કરાવીને, અમારા અસીલ મજકુર મીલકતના પાકા લખાણો, દસ્તાવેજો કરાવી લેશે, અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૧/૦૫/૨૦૨૬
સરનામું : ૧૮૧, પહેલો માળ, ગોલ્ડન પ્લાઝા કોમ્પ્લેક્ષ, કામરેજ ચાર રસ્તા, જી. સુરત. મો. ૯૮૯૮૭ ૫૩૧૪૭
ભરત જે. ભરવાડ તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા આથી જણાવવાનું કે **જી. સુરત, તા. મજુરાના મોજેઃ સરસાણાના રે. સ. નં. ૯૦/૩, ૯૧, બ્લોક નં. ૨૪૪/બ થી નોંધાયેલી બિનખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૬૦૭૦ ચો.મી. છે, જેને ટી. પી. સ્કીમ નં. ૯૦ (સરસાણા)માં સમાવેશ થતાં ફા. પ્લોટ નં. ૧૯૭ ફાળવવામાં આવેલ છે, જેનું ફા. પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૩૬૪૨ ચો.મી. છે, જેને સીટી સર્વે દફતરે વોર્ડઃ સરસાણા (બીનખેતી)માં સમાવેશ કરી સીટી સર્વે નં. એનએ૨૪૪/બ આપવામાં આવેલ છે તે જમીન, જેનું સીટી સર્વે મુજબનું ક્ષેત્રફળ ૬૦૭૦ ચો.મી. છે તે જમીન તેના માલિક હિતેશકુમાર ડાહ્યાભાઈ દેસાઈ પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે.** ઉપર જણાવેલી જમીનમાં તેઓ સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિત, લાગભાગ, હિસ્સો, કબજો, ગીરો, લિયન, વગેરે હોય યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન ૭ (સાત) માં લેખિત પુરાવાઓ સહિત અમને લેખિતમાં જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો તેઓ સિવાય મજકુર જમીનમાં ઉપર જણાવેલા તેના માલિક સિવાય અન્ય કોઈના હક્ક, હિત નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે "વેઈવ" કર્યા છે, તેમ ગણી મુદત વીત્યે કોઈની તર-તકરાર કે વાંધા ચાલશે નહીં અને મુદત વીત્યે હમારા અસીલ મજકુર જમીન અંગેના પાકા લખાણો કરાવી લેશે તેની તમામ લાગતાં વળગતાંઓએ નોંધ લેવી.

મનિષ જે. ગાંધી
હિરેન એચ. પટેલ તે ખરીદનારના એડવોકેટ
૫૧૧, સેન્ટ્રલ બિઝનેસ હબ, પાર્લે પોઈન્ટ, સુરત.

મોજે ગામઃ અડાજણ, રે.સ.નં.૬૬૦ વિ., ટી.પી.નં.૧૦, ફા.પ.નં.૨૦ માં આવેલ "મહેર નગર સોસાયટી" પ્લોટ નં.૧૮૦ વાળી મિલકત વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી તમામ શખ્શોને ખબર આપવાની કે (૧) **પ્રવિણભાઈ ચંપકલાલ તમાકુવાળા (૨) મનિષ હરીશભાઈ તમાકુવાળા** રહેવાસી : ૭૪, મહેર નગર સોસાયટી, અડાજણ, સુરત વિગેરે પાસેથી અહી નીચે અનુસૂચિમાં વિગતવાર વર્ણવેલ તમામ બોજાઓથી મુકત અને સ્પષ્ટ તથા માર્કેટેબલ ટાઈટલ તથા રિકત કબજા સાથેની મિલકત અમારા અસીલોને કિંમતી અવેજ બદલ વેચાણ આપવા, એસાઈન અને ટ્રાન્સફર કરવા સહમત થયા છે.

સદરહુ મિલકતમાં કે એનાં કોઈપણ ભાગ સામે કે સંબંધે વેચાણ, વારસાઈ હકક, હકક કમી, સાટા ખત, સોદા ચીઠ્ઠી, વહેંચણ, પાર્ટીશન, ટ્રાન્સફર, કબજા હકક, ગીરો, ઈકવીટેબલ ગીરો, બક્ષીશ, ટ્રસ્ટ, વારસો, કૌટુંબીક વ્યવસ્થા, બદલી, નિભાવ, બિકવેસ્ટ, કબજો, લીઝ, ટેનન્સી, લાયસન્સ, ચાર્જ, લિઅન, પ્લેજ, ઈઝમેન્ટ કે વિકાસ હકકો અથવા કોઈ કાયદાકીય અદાલત દ્વારા પસાર કરેલ ડીક્રી, આદેશ અથવા એવોર્ડનાં પ્રકારથી અથવા અન્ય કારણસર કેવી પણ રીતે કોઈપણ દાવો ધરાવતા તમામ શખ્શોએ કે સંસ્થાએ આજની તારીખથી ૧૦ દિવસની અંદર અહી નીચે દર્શાવેલ સરનામે અમને ટેકારૂપ દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં જાણ કરવાની રહેશે. જેમાં નિષ્ફળ ગયે એવા કોઈ શખ્સ કે સંસ્થાઓના દાવો કે દાવાઓ જો કોઈ હોય તો તે જતાં કરાયેલ અને / અથવા ત્યજી દેવાયેલ છે એમ માનવામાં આવશે અને અમારા અસીલ રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવી લેશે પછી કોઈ તકરાર ચાલશે નહી.

:: મિલકતની વિગતની અનુસૂચિ ::

ડિસ્ટ્રીકટ : સુરત, સબ ડિ.તાલુકો : અડાજણ સીટી, સુરત શહેરનાં વધારેલા વિસ્તારમાં આવેલ **મોજે ગામ : અડાજણ,** સર્વે નં.૬૬૦–૨–૩–૪, ૬૬૫, ૬૬૬, ૬૬૭, ૬૬૮, ૬૭૦, ૬૭૧, ૬૭૩/૨, ૬૭૪/૧–૨, ૬૭૫/૧–૨, ૬૭૫/૨, તથા ૬૭૬/૧–૨–૩, વાળી જમીન **ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૧૦ (અડાજણ)** માં સમાવેશ તથા ફાઈનલ પ્લોટ નં.૨૦ થી નોંધણી થયેલી બિન ખેતી (એન.એ.) વાળી જમીન ઉપર **"મહેર નગર સોસાયટી"** ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલ **પ્લોટ નં.૧૮૦, ક્ષેત્રફળ ૧૮૭.૨૬ ચો.મી.** જમીન તથા તેનાં ઉપર બાંધવામાં આવેલ ઈમારતનું **ક્ષેત્રફળ ૧૧૭.૨૬ ચો.મી. વાળી બાંધકામ** અમલા ઈમારતવાળી મિલકત છે જે મિલકત અડાજણ સીટી સર્વે રેકર્ડ દફતરે ટીકા નં.૬૫, ચાલતા નં.૧૧૩ થી નોંધણી થયેલ મિલકત છે.

આજની તા.૨૧મી મે, સને ૨૦૨૬

વિનોદ એન. ધરોળીયા (એડવોકેટ & નોટરી)
આશુતોષ વિ. ધરોળીયા (એડવોકેટ)
ઓફિસઃ ૧૦૭, ગોલ્ડન પોઈન્ટ, નાના વરાછા, સુરત.
મો.૯૮૨૪૫૩૫૮૩૬ / ૯૬૬૨૩૫૮૩૯૬